

# રાજ સ્મરણમ્

સંપાદક :

- આચાર્ય વિજય રાજશેખરસૂરિ મહારાજ
- રોહિત શાહ

પરામર્શક :

**કુમારપાળ વી. શાહ**

પ્રકાશક :

**શ્રી બુદ્ધિતિલક શાંતિચંદ્ર સેવા સમિતિ**
ભાભર, બનાસકાંઠા.



Scanned by CamScanner




# 'શાન્તિસૌરભ'ની માવજત

- મુનિશ્રી પ્રશમરતિવિજય મહારાજ

**આચાર્ય** વિજય રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાથે એક જ વખત બેસવાનું થયું હતું. એ મુલાકાતમાં મેં તેમને પૂછ્યું હતું : 'આપ એક દિવસમાં કેટલા કલાક લખો ?' તેમણે કહ્યું : 'મારે તો આખો દિવસ લખવું હોય. બીજી બધી જવાબદારીઓ વચ્ચે સમય ઓછો નીકળે છે. તો'ય બે-ત્રણ કલાક તો લખું જ. હું નવું કામ ન કરું તો મને ઊંઘ ન આવે.'

મેં પૂછ્યું : 'પછી થાક ન લાગે ?'

તેમણે કહ્યું : 'વાણિયાના રોટલા ખાઈએ છીએ તે મફતમાં નથી પચતા. કામ તો કરતા જ રહેવાનું. બધા કામ કરતાં કરતાં થાકે. હું તો કામ કરવા ન મળે તો થાકી જાઉં ! કામ કરું તો ફ્રેશ થઈ જાઉં.'

તેમના આ શબ્દો સ્મૃતિમાં કોતરાઈ ગયા છે. તેમણે કરેલાં નાનામોટાં તમામ કામોનું લિસ્ટ તેમના શિષ્યો બનાવશે જ. તેમણે કરેલું એક ચિરંજીવ કામ મને ગમે છે.

તે છે 'શાન્તિસૌરભ'ની માવજત.

એક માસિકને કે મુખપત્રને ધબકતું રાખવા માટે ઘણી બધી બાબતો આવશ્યક હોય છે. મુખ્ય બાબતો આટલી છે : લેખકની ટીમ, આર્થિક સહયોગદાતાઓનું વર્તુળ, પ્રકાશકીય વ્યવસ્થાતંત્ર, પ્રચારસૂત્રો.

પૂજ્યશ્રીએ લેખકોની સમૃદ્ધ ટીમ મેળવી છે. છેલ્લાં પંદર વર્ષના 'શાન્તિસૌરભ'ના અંકો જોઈશું અને અલગ અલગ લેખકોનું લિસ્ટ બનાવીશું તો ઘણાંબધાં નામો વાંચવા મળશે. આમાં સિદ્ધહસ્ત લેખકો પણ છે અને નવોદિત લેખકો પણ છે, ગીતાર્થ લેખકો પણ છે અને બાળલેખકો પણ છે. સૌ લેખકોની સાથોસાથ પોતે પણ નિયમિત લખે. એક તરફ તેમની લેખમાળાઓ મૂકો અને બીજી તરફ અન્યોના લેખો કે લેખમાળાઓની સંખ્યા મૂકો તો તેમના લેખોનું પલ્લું ભારે રહે. પોતાની તમામ શક્તિ કામે લગાડીને તેમણે લખ્યું છે. એક વાર કોઈ લેખમાળા પૂરી થઈ ત્યારે તેમણે આ મુજબના શબ્દો લખ્યા હતા : 'હું મોટો લેખક કે સાહિત્યકાર નથી. હું તો મને લખવાનું ગમે છે માટે લખું છું. મને લખવામાં આનંદ આવે છે એટલે વાંચનારાને પણ આનંદ આવશે એવા વિશ્વાસથી લખું છું.'

તેમની લેખનશૈલીમાં વિચારને સ્ફુટ કરવા ઉપર વિશેષ ભાર રહેતો હોય છે, તેવો સૌનો અનુભવ છે. વ્યાખ્યાન આપતી વખતે જેમ નવી નવી સ્ફુરણા થતી રહે છે તેમ લેખન કરતી વખતે પણ નવી નવી સ્ફુરણા થતી હોય છે. વ્યાખ્યાન આપવાના સમયે આપણી સામે સભા હોય એટલે સંયમ અને સંકોચ રહે છે રજૂઆતમાં. લેખનમાં તો કેવળ એકાંત હોય છે એટલે અંદરનો ઉઘાડ શબ્દોમાં અવતરણ પામતો રહે છે. નવા અનુભવ જેવો આ લેખનાનંદ, ધ્યાનકક્ષાનો આનંદ હોય છે. 'શાન્તિસૌરભ'નાં પાનાંઓ ઉપર તેમનો આ આનંદ વરસોથી રેલાતો રહ્યો છે. એ પાનાંઓની ગણતરી કરશું તો આંકડો કેટલા હજારે અટકશે તે કહેવું મુશ્કેલ છે. 'શાન્તિસૌરભ'માં તેમણે 'મુનીન્દુ' જેવા લેખકોને નિયમિત લખતા રાખ્યા છે. કોઈ લેખકે અમુક સમય લખ્યું, ત્યારબાદ લખવાનું છોડી દીધું અને તે પછી ફરીથી લખવાનું શરૂ કર્યું હોય તો એમના માટે 'શાન્તિસૌરભ'ના દરવાજા ખુલ્લા રહ્યા છે. વાચનવૈવિધ્યની દૃષ્ટિએ અલગ અલગ વિભાગોમાં વિષયની નવીનતા કેળવવાની તેમની સૂઝ 'શાન્તિસૌરભ'માં વાંચવા મળે છે. સમાચાર અને પુસ્તકસમીક્ષામાં ટૂંકુ ને ટચ કરવાનો અભિગમ ગમે તેવો છે. પહેલા પાને નાનું ચિંતન, ત્યાર બાદ ઉપદેશલેખોની અલગ અલગ ધારાવાહિકાઓ, ત્યાર બાદ ઐતિહાસિક મહાકથા અને અન્ય ધારાવાહિકાઓ, ત્યાર બાદ વાર્તાઓ અને બીજું બધું. આ સુઘડ વ્યવસ્થાએ 'શાન્તિસૌરભ'ને એક સ્તરીય ઊંચાઈ આપી છે. 'કલ્યાણ' અને 'શાન્તિસૌરભ' જેવાં વડીલ મુખપત્રોની પાછળ પાછળ આજ સુધીમાં કેટલાં બધાં મુખપત્રો શરૂ થયાં છે, તે સૌ જાણે છે. છતાં આ વડીલ મુખપત્રોએ પોતાનો દરજ્જો અને પોતાની લોકપ્રિયતા જાળવી રાખ્યાં છે. લેખકોની જેમ બીજા સહયોગી તંત્રને પણ તેમણે અકબંધ જાળવી રાખ્યા છે. તે એટલી હદે કે - સ્વયં આજે નથી તો પણ 'શાન્તિસૌરભ' એ જ શાનોશૌકતથી આગળ વધી રહ્યું છે.

તેમણે છેક સમેતશિખરથી સમાચાર મોકલાવીને મારી પાસે નવી લેખમાળાની ઉઘરાણી કરી હતી તે યાદ આવે છે અને તેમની કાર્યસમર્પિત નમ્રતાને વંદના કરવાનું મન થઈ આવે છે.



Scanned by CamScanner




# 'શાન્તિસૌરભ'ની માવજત

- મુનિશ્રી પ્રશમરતિવિજય મહારાજ

**આચાર્ય** વિજય રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાથે એક જ વખત બેસવાનું થયું હતું. એ મુલાકાતમાં મેં તેમને પૂછ્યું હતું : 'આપ એક દિવસમાં કેટલા કલાક લખો ?' તેમણે કહ્યું : 'મારે તો આખો દિવસ લખવું હોય. બીજી બધી જવાબદારીઓ વચ્ચે સમય ઓછો નીકળે છે. તો'ય બે-ત્રણ કલાક તો લખું જ. હું નવું કામ ન કરું તો મને ઊંઘ ન આવે.'

મેં પૂછ્યું : 'પછી થાક ન લાગે ?'

તેમણે કહ્યું : 'વાણિયાના રોટલા ખાઈએ છીએ તે મફતમાં નથી પચતા. કામ તો કરતા જ રહેવાનું. બધા કામ કરતાં કરતાં થાકે. હું તો કામ કરવા ન મળે તો થાકી જાઉં ! કામ કરું તો ફ્રેશ થઈ જાઉં.'

તેમના આ શબ્દો સ્મૃતિમાં કોતરાઈ ગયા છે. તેમણે કરેલાં નાનામોટાં તમામ કામોનું લિસ્ટ તેમના શિષ્યો બનાવશે જ. તેમણે કરેલું એક ચિરંજીવ કામ મને ગમે છે.

તે છે 'શાન્તિસૌરભ'ની માવજત.

એક માસિકને કે મુખપત્રને ધબકતું રાખવા માટે ઘણી બધી બાબતો આવશ્યક હોય છે. મુખ્ય બાબતો આટલી છે : લેખકની ટીમ, આર્થિક સહયોગદાતાઓનું વર્તુળ, પ્રકાશકીય વ્યવસ્થાતંત્ર, પ્રચારસૂત્રો.

પૂજ્યશ્રીએ લેખકોની સમૃદ્ધ ટીમ મેળવી છે. છેલ્લાં પંદર વર્ષના 'શાન્તિસૌરભ'ના અંકો જોઈશું અને અલગ અલગ લેખકોનું લિસ્ટ બનાવીશું તો ઘણાંબધાં નામો વાંચવા મળશે. આમાં સિદ્ધહસ્ત લેખકો પણ છે અને નવોદિત લેખકો પણ છે, ગીતાર્થ લેખકો પણ છે અને બાળલેખકો પણ છે. સૌ લેખકોની સાથોસાથ પોતે પણ નિયમિત લખે. એક તરફ તેમની લેખમાળાઓ મૂકો અને બીજી તરફ અન્યોના લેખો કે લેખમાળાઓની સંખ્યા મૂકો તો તેમના લેખોનું પલ્લું ભારે રહે. પોતાની તમામ શક્તિ કામે લગાડીને તેમણે લખ્યું છે. એક વાર કોઈ લેખમાળા પૂરી થઈ ત્યારે તેમણે આ મુજબના શબ્દો લખ્યા હતા : 'હું મોટો લેખક કે સાહિત્યકાર નથી. હું તો મને લખવાનું ગમે છે માટે લખું છું. મને લખવામાં આનંદ આવે છે એટલે વાંચનારાને પણ આનંદ આવશે એવા વિશ્વાસથી લખું છું.'

તેમની લેખનશૈલીમાં વિચારને સ્ફુટ કરવા ઉપર વિશેષ ભાર રહેતો હોય છે, તેવો સૌનો અનુભવ છે. વ્યાખ્યાન આપતી વખતે જેમ નવી નવી સ્ફુરણા થતી રહે છે તેમ લેખન કરતી વખતે પણ નવી નવી સ્ફુરણા થતી હોય છે. વ્યાખ્યાન આપવાના સમયે આપણી સામે સભા હોય એટલે સંયમ અને સંકોચ રહે છે રજૂઆતમાં. લેખનમાં તો કેવળ એકાંત હોય છે એટલે અંદરનો ઉઘાડ શબ્દોમાં અવતરણ પામતો રહે છે. નવા અનુભવ જેવો આ લેખનાનંદ, ધ્યાનકક્ષાનો આનંદ હોય છે. 'શાન્તિસૌરભ'નાં પાનાંઓ ઉપર તેમનો આ આનંદ વરસોથી રેલાતો રહ્યો છે. એ પાનાંઓની ગણતરી કરશું તો આંકડો કેટલા હજારે અટકશે તે કહેવું મુશ્કેલ છે. 'શાન્તિસૌરભ'માં તેમણે 'મુનીન્દુ' જેવા લેખકોને નિયમિત લખતા રાખ્યા છે. કોઈ લેખકે અમુક સમય લખ્યું, ત્યારબાદ લખવાનું છોડી દીધું અને તે પછી ફરીથી લખવાનું શરૂ કર્યું હોય તો એમના માટે 'શાન્તિસૌરભ'ના દરવાજા ખુલ્લા રહ્યા છે. વાચનવૈવિધ્યની દૃષ્ટિએ અલગ અલગ વિભાગોમાં વિષયની નવીનતા કેળવવાની તેમની સૂઝ 'શાન્તિસૌરભ'માં વાંચવા મળે છે. સમાચાર અને પુસ્તકસમીક્ષામાં ટૂંકુ ને ટચ કરવાનો અભિગમ ગમે તેવો છે. પહેલા પાને નાનું ચિંતન, ત્યાર બાદ ઉપદેશલેખોની અલગ અલગ ધારાવાહિકાઓ, ત્યાર બાદ ઐતિહાસિક મહાકથા અને અન્ય ધારાવાહિકાઓ, ત્યાર બાદ વાર્તાઓ અને બીજું બધું. આ સુઘડ વ્યવસ્થાએ 'શાન્તિસૌરભ'ને એક સ્તરીય ઊંચાઈ આપી છે. 'કલ્યાણ' અને 'શાન્તિસૌરભ' જેવાં વડીલ મુખપત્રોની પાછળ પાછળ આજ સુધીમાં કેટલાં બધાં મુખપત્રો શરૂ થયાં છે, તે સૌ જાણે છે. છતાં આ વડીલ મુખપત્રોએ પોતાનો દરજ્જો અને પોતાની લોકપ્રિયતા જાળવી રાખ્યાં છે. લેખકોની જેમ બીજા સહયોગી તંત્રને પણ તેમણે અકબંધ જાળવી રાખ્યા છે. તે એટલી હદે કે - સ્વયં આજે નથી તો પણ 'શાન્તિસૌરભ' એ જ શાનોશૌકતથી આગળ વધી રહ્યું છે.

તેમણે છેક સમેતશિખરથી સમાચાર મોકલાવીને મારી પાસે નવી લેખમાળાની ઉઘરાણી કરી હતી તે યાદ આવે છે અને તેમની કાર્યસમર્પિત નમ્રતાને વંદના કરવાનું મન થઈ આવે છે.



Scanned by CamScanner